# જલમભોમકા

--સ્વ. રસીક ઝવેરી

એડન, સુએઝ, નેપલ્સ...એમ બંદરગાહો વટાવતી સ્ટીમર આગળ વધી. જીનોઆ આવ્યું. ત્યાંથી લંડન પહોંચવા માટે રેલસફર. વીક્ટોરીયા સ્ટેશને ભાનુ અને આનંદ રુમાલ ફરકાવતાં ઉભાં હતાં. ચાર વરસે, એનાં લગ્ન પછી પહેલી જ વાર, દીકરી જમાઈને મળ્યો...

એક મહીનો પગપાળા રખડપટ્ટીમાં કાઢ્યો તે દરમીયાન હું લંડનના મુખ્ય માર્ગોથી ઠીક ઠીક પાવરધો થઈ ગયો. એક વાર રૉયલ ફેસ્ટીવલ હોલમાં રવીશંકરના સીતારવાદનનો કાર્યક્રમ હતો. ભાનુ-આનંદ સાડા છએ કાર લઈને મને હાઈડ પાર્ક પાસે મળવાનાં હતાં. પછી 'કશ્મીર રેસ્ટોરાં'માં જમી પરવારી થીયેટર પર અમારે પહોંચી જવાનું હતું.

હું હાઈડ પાર્કમાં લટાર મારી રહ્યો હતો. લોકોના ટોળા આગળ એક પાકીસ્તાની ભારત વીરુદ્ધ ગાળો ઓકી રહ્યો હતો. બીજી બાજુ એક પાદરી બીજા ટોળાને સ્વર્ગ અને નરકની વાતો સમજાવી રહ્યો હતો. ત્યાં કોઈએ શુદ્ધ કાઠીયાવાડી લહેકામાં મને બુમ પાડી : "એ..એ..ઈ બચુભાઈ ! એ મોટાભાઈ!" આશ્ચર્યથી મેં પાછળ જોયું તો નજર સામે એક વધુ મોટું આશ્ચર્ય ઉભું હતું : તપખીરીયા રંગનો ગરમ ચુડીદાર સુરવાલ, બંધ ગળાનો કોટ, માથે કાઠીયાવાડી સાફો, હાથમાં હેવી ઓવરકોટ--એવો એક આદમી દોડતો આવી મારે પગે પડ્યો. પછી કહે, "કાં મોટાભાઈ ! તમે ક્યાંથી ? ઓળખાણ પડે છે ?"

હું ગુંચવાતો તેની સામે તાકી રહ્યો. અહીયાં લંડનમાં, મને મારા બચપણના નામે બોલાવતો આ આદમી કોણ ! ત્યાં વળી એ જ બોલ્યો : "તમે મને ન ઓળખ્યો; પણ મેં તો તમને વરતી કાઢ્યા, હોં! તમે ભાવનગરમાં મામાને કોઠે રે'તા કે નઈ ? તમે કપીલભાઈ ઠક્કરના ભાણેજ બચુભાઈ જ ને ? યાદ છે--આપણે શેરીમાં હારે રમતા ? ઓધા વાણીયાને હાટેથી ભાગ લઈને ખાતા ! હું કાનજી ખવાસ."

અને એકાએક સ્થળકાળનો ઓછાયો મારી નજર સામેથી ઓસરી ગયો--કાનજી અભેસંગ ખવાસ ! અમારી શેરીમાં રહેતો. બચપણમાં અમે ભેળા રમેલા. "અરે...અરે, કાનજી ! તું અહીયાં ક્યાંથી, ભાઈ ?" કહેતોકને હું એને ભેટી પડ્યો. મારો લંગોટીયો ભાઈબંધ ! એયે મને જોઈને ખુશ ખુશ હતો. કહે, "હું તો આંઈ તૈણ વરહથી સું, દાક્તર સા'બની હારે. મેં તમને આબાદ વરતી કાઢ્યા, હો મોટાભાઈ ! વાળ ધોળા થયા; પણ અણહાર નો ભુલાય !"

સડક પાસેના બાંકડે અમે ગોઠવાયા, અલકમલકની વાતે વળગ્યા.

"ઈ જમાનો થાવો નથ, હો મોટાભાઈ ! હવે તો દેશમાંયે સંધુંય ફરી ગ્યું. ઈ બોર તળાવ ને ઈ પીલ ગાર્ડન, ઈ ગંગાજળીયાનું દેરું ને ઈ તખતેશરની મોજું, ઈ દાલમશાલી ને ભજેકીયાં પાન ખાવાનો ટેસ...ઈ હંધુંય હવે થાવું નથ ! મારા કરમમાં જ વદીયા નઈ. તમે મુંબી ગ્યા ને હું રઈ ગ્યો ભણ્યા વનાનો કોરોધાકોર. પછી વાળુકડવાળા રામજીભા શેઠને ન્યાં ચાકરી રઈ ગ્યો. એને વરહ થ્યાં ચાળી ઉપર બે. આ દાક્તર સા'બ એમના દીકરા-- ઈની હારે તૈણ વરહથી આંઈ કણે સું."

મેં કહ્યું, "કાનજી, તું તો નસીબદાર, ભાઈ ! વગર ભણ્યે અહીં લંડનમાં લહેર કરે છે, ત્યારે ભલભલાને તો અહીં આવવાની પરમીટેય મળતી નથી." તો કહે, "ઈ તો સંધોય ઠીકોઠીક સે, માટાભાઈ. હું તો રામજી અદા હારે આપણો સંધોય મલક ફરી વળ્યો, શેઠે એ..ઈ..ન રુપાળી ચાર ધામની જાત્રા કરાવી. ને ગંગા મા તો જાણે અંબાનો અવતાર જોઈ લ્યો. ચાકર માતરને પંડ્યનાં જણ્યાંની જેમ જાળવે, હો મોટાભાઈ ! ઈ સાચકલાં માણહું ને ઈ જમાનો હવે થાવાં નથ. આ તો અદાએ પરાણે દાક્તરસા'બની ભેળો મેલ્યો ને મેં જીભ કસરી કે પંડ હાટે જાળવીશ, એટલે રે'વું પડે. બાકી આપણો મલક ઈ આપણો મલક, બીજાં સંધાંય ફાંફાં. જલમભોમકા ક્યાંય થાવી નથ !"

કાનજી ડૉક્ટર શેઠની સાથે લંડન આવ્યો. પેડીંગ્ટનમાં ડૉક્ટર પાંચ વરસ માટે છે. હજી બે વરસ કાઢવાનાં. પણ એનું મન ભટકે છે એની 'જલમભોમકા'માં. મેં કહ્યું, " મારી દીકરી ભાનુ અહીં ચાર વરસથી છે, એને મળવા આવ્યો છું."

વાતોમાં વખત ક્યાં વીતી ગયો તેની ખબર ન પડી. આનંદની મોટરનું હૉર્ન સડક પરથી સંભળાયું એટલે મેં કહ્યું, "કાનજી, તુંયે આજે અમારી ભેળો જમવા ચાલ."

રેસ્ટોરાંમાં અમે ગોઠવાયાં. કાનજીએ છરી-કાંટાથી અદબભસર જમવા માંડ્યું. બધી ઍટીકેટ એ બરાબર જાળવતો. જમતાં જમતાં કાનજી ભાનુને કહે, "દીકરી મારી, તું અહીં ચાર વરહથી; પણ મને તો ખબરેય નંઈ. તારે અહીં કોઈ વાતે મુંઝાવું નંઈ. અડીઓપટીએ આ કાનજીને, બસ, એક ફોન કરી દેવો. મારી તો આખ્યું ટાઢી થૈ આ તમારી શીવ-પારવતી જેવી જોડી જોઈને !" એને જ્યારે ખબર પડી કે આનંદને ગુજરાતી નથી આવડતું, ત્યારે એની સાથે હીંદીમાં ફેંકવા માંડ્યું. કહે, "તુમ તો સા'બ બડા નસીબવાળા હોં કે ! અમારી છોડી રતન જૈસી હે. કામ પડે તો હમકો, બસ, એક ટેલીફોન કર દેના. હમ તો તુમારા કાકાજી લગતા. કોઈ વાતસે મુંઝાના નંઈ !"

જમવાનું પુરું થયું એટલે અમે અંદર હાથ ધોવા ગયાં. પાછાં આવી કૉફી પીવા બેઠાં ત્યારે કાનજી અંદર ગયો. અમે બીલની રાહ જોતાં બેઠાં હતાં, ત્યાં વેઈટર બીલ અને પરચુરણ સાથે હાજર થયો અને ડીશ કાનજી સામે ધરી. અમે અંદર ગયાં ત્યારે કાનજી કાઉન્ટર પર પૈસા સરકાવી આવ્યો હશે ! ટીપનો હીસાબ ગણી એણે પાંચ શીલીંગ ડીશમાં રહેવા દીધા.

મેં કહ્યું, "કાનજી, આ શું ? તું તો અમારો મહેમાન--તારાથી પૈસા અપાય જ નહીં !" તો કહે,"દીકરી-જમાઈને પહેલી વાર જોયાં, મોટાભાઈ ! કંઈ બોલો તો મારા ગળાના સમ !" એ ભોળા માણસને શું કહેવું ? વળી પાંચ પાઉન્ડની નોટ કાઢી ભાનુના હાથમાં આપવા માંડી. મેં કહ્યું, " અરે, અરે... આ તું શું કરે છે ?" તો કહે, "ઈ તો વે'વારની વાત સે, મોટાભાઈ ! એમાં તમારાથી કંઈ બોલાય જ નંઈ. લઈ લે, દીકરી ! તને જમાડીને કાપડું કરવું જોયે મારે. તારા બાપુ ને હું નાનપણમાં ભેળા રમતા, ઈ વે'વારે હું તારો કાકો થાઉં."

અમારી સૌની આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં. ભાનુ ઉભી થઈ, વાંકી વળી કાનજીને પગે લાગી. વીલીન થતા જતા જમાનાના અવશેષ જેવા આ સાચકલા માણસની ભાવનાની અવગણના કરવાની એનામાં હીંમત શેં પડે ?


છુટાં પડ્યાં ત્યારે કાનજીના મોંમાં, બસ, એક જ વાત હતી : "આપણા મલક જેવો મલક થાવો નથ, હો મોટાભાઈ ! આંઈકણે મારા જેવાને નો સોરવે; પણ જીભ કસરી એટલે રે'વું પડે. બાકી જલમભોમકા ઈ જલમભોમકા !"

--સ્વ. રસીક ઝવેરી

સ્વ. રસીક ઝવેરીના લંડનના પ્રવાસ-વર્ણનના પુસ્તક 'અલગારી રખડપટ્ટી'માંથી સાભાર....(પ્રકાશક : નવભારત સાહીત્ય મંદીર, -દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ઈ-મેઈલ : info@navbharatonline.com પૃષ્ઠ : ૧૨૪, મુલ્ય : ૬૬ રુપીયા)

પ્રથમ પ્રકાશન વર્ષ : ૧૯૬૯..પછી તેની કુલ તેર આવૃત્તી થઈ..! આજે તો લાખ્ખો ગુજરાતી પરીવારોએ લંડન જોયું પણ હશે; પણ આજથી ચાર દાયકા પર પ્રકાશીત થયેલા આ પુસ્તકે લાખો વાચકોને ઘરબેઠે લંડનની તાદશ મુસાફરી, રમતીયાળ અને રોચક શૈલીમાં મફતના ભાવે રોમાંચીત રાખે તે રીતે કરાવેલી. ૧૯૬૮થી દર શનીવારે 'મુંબઈ સમાચાર'માં શરુ થયેલ આ ધારાવાહીક પ્રવાસકથાએ લાખો ગુજરાતી વાચકોને જકડી રાખેલા. આજે તો વીદેશ પ્રવાસ-વર્ણનનાં સેંકડો પુસ્તકો ગુજરાતીમાં ઉપલબ્ધ છે; પણ આ પુસ્તક જેવી મોહીની જવલ્લેજ કોઈ જગાવી શક્યું હોય..'ગુજરાતીમાં પ્રવાસ-વર્ણનો પ્રમાણમાં ઓછાં છે' એવું કાકાસાહેબનું મહેણું આ પુસ્તકે કંઈક

અંશે ટાળ્યું અને કાકાસાહેબે જ રસીકભાઈને લખ્યું : *'તમારી નીખાલસ સરળ શૈલી તો મને ખુબ ગમી. કથા કહેવાની છટા મનને સ્પર્શી ગઈ.'* સુરેશ દલાલકહે, *'ગદ્યમાં તમે જાણે 'કવીતા' લખી છે.'* ....



સ્વ. રસીક ઝવેરી : પરીચય

◆જન્મ : ૨૪ ઑક્ટોબર ૧૯૧૧ ◆અવસાન : ૧૨ ઑક્ટોબર ૧૯૭૨

◆ ૧૯૧૮થી ૧૯૫૦ ઝવેરાતનો ધંધો ◆ ૧૯૫૧ પછી 'ગ્રંથાગાર' પ્રવર્તક પુસ્તકાલય શરુ કર્યું. 'ગ્રંથાગાર' માસીકનું પ્રકાશન. 'અખંડ આનંદ' અને 'સમર્પણ'ના તંત્રી વીભાગમાં કામ કર્યું.

◆ 'ભારતીય વીદ્યાભવન'ના નાટ્ય વીભાગ, 'કલા-કેન્દ્ર'ના પ્રચાર અધીકારી તરીકે ત્રણ વર્ષ.

◆ ૧૯૬૫-૬૮ એમ બે વાર લંડનનો પ્રવાસ કરી દોઢેક વરસ ત્યાં રહ્યા. ૧૯૬૯માં **'અલગારી રખડપટ્ટી'** અને ૧૯૭૦માં **'સફરનાં સંભારણાં'** એમ બે પુસ્તકો બાદ 'મુંબઈ સમાચાર'માં વાચકોની જબ્બર લોકચાહના મેળવનાર એમની કટાર **'દીલની વાતો'**નાં ત્રણ પુસ્તકો તેમણે આપ્યાં.

--ઉત્તમ ગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

◆●◆

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **137** -- **January 20, 2008**

◆●◆


શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે ગુજરાતીલૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણને **બે વરસ** પુરાં થયાં. આ બે વરસમાં **6,37,500** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

***વપરાશકારોના મળેલાં મુલ્યવાન સુચનો અનુસાર અમે www.gujaratilexicon.com ના ઉઘડતે પાને જ અમારું 'સરસ ગુજરાતી સ્પેલચેકર' આફ્રુતી સાથે ડાઉનલોડ લીંક જોડી મુક્યું છે. આપ તે ડાઉનલોડ કરો અને તેની ક્ષમતા ચકાસી સુચનો મોકલો એવી વીનંતી કરીએ છીએ.***

આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **8,100** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે.

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ [http://gujaratilexicon.com/index.php?action=downloadSeM](http://gujaratilexicon.com/index.php?action=downloadSeM) પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બૉર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

● મધુરેણ સમાપયેત્ ●




બેટા ...., અહીં પાછો આવી જા, એ દેશમાં હવે શું દાટ્યું છે?
હવે, તો અહીં પણ જાત જાતનાં જંક ફુડ મળે છે!

પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો
ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
web site : [www.ameamericanamdavadi.com](http://www.ameamericanamdavadi.com)


'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com
'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 137 -- January 20, 2008